# આપણા મહાન રાજા ઈસુનું માનવું.

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ, તમે અમારે માટે મરણ પામ્યા, પાછાં જીવંત થયા અને મહિમામાં ચઢી ગયા છો. હું અને મારું, જૂથ તમને પ્રેમ કરીએ છીએ. તમારી આજ્ઞાઓ માનીને પ્રેમથી તમારી સેવા કરવાનું અમને શીખવો.

***૧. આધીનતા શીખવવા માટે પોતાને પ્રાર્થના તથા ઈશ્વરના વચન દ્વારા તૈયાર કરો.***

સ્તેફનના જીવન પરથી શીખો કે આધીનતા કેવી રીતે તમારા જૂથને દઢ કરે છે અને સતાવણી, દુઃખ અને નકારના સમયમાં સ્થિર ઊભા રહેવામાં મદદ કરશે. ઈસુએ આપણા માટે જે કાંઈ કર્યું છે તેના સાક્ષી થઈને તેની આજ્ઞા માનવામાં સ્તેફન પ્રથમ શહીદ હતો. (પ્રે.કૃ. ૧ :૮)



**પ્રેરિતોનાં કૃત્યો ૭ :૫૪ થી ૮ :૮માં શોધો**

- સ્તેફનને મળેલા ઈશ્વરના આશીર્વાદો.
- તે શું જોઈ શક્યો ?
- તેણે શી સાક્ષી આપી ?
- તેણે શી પ્રાર્થના કરી ?
- શિષ્યો જ્યાં ગયા ત્યાં તેમણે શું કરવાનું શરૂ કર્યું ?

**યોહાન ૧૪ :૧૫-૨૧માં શાધો**

- વિશ્વાસીઓએ ખ્રિસ્ત પરનો પ્રેમ કેવી રીતે બતાવવો ?
- ઈસુની આજ્ઞાઓ માનવાના લાભો.

**હિબ્રુ ૫ : ૮ -૯ માં શોધો**

- ઈસુ પોતે કેવી રીતે આજ્ઞાપાલન શીખ્યો.
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.

**૧ યોહાન ૨ : ૩-૪ માં શોધો**

- આપણએ ઈસુને જાણીએ છીએ તેની ખાતરી કેવી રીતે થાય ?
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.

**૧પીતર ૧ :૨ માં શોધા**

- ઈશ્વરે આપણને તેના બનાવ્યા છે અને પસંદ કર્યો છે તેની ખાતરી શી રીતે થાય?
- ઈસુની આજ્ઞાઓ માનવાના લાભો.

**પ્રેરિતોના કૃત્યો ૫ :૨૭-૩૨ માં શાધો**

- ભયંકર સત્તાધીશોની સામે સચ્ચાઈથી જવાબ આપવા માટે આપણને હિંમત કેવી રીતે મળે છે ?
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.

**માથ્થી ૨૮ :૧૬-૨૦ માં શોધો**

- કેટલા અધિકારથી ઈસુએ આ અંતિમ આજ્ઞા આપી ?
- ઈસુના શિષ્યો બનવામાં સહાય કરવા માટે ઈસુએ કેવી રીતે આપણને આજ્ઞા આપી છે ?
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.



**૧ પીતર ૧ : ૧૩-૨૨માં શોધો**

- વર્તમાન જગતમાં આધીન વિશ્વાસીઓ કેવું જીવન જીવે છે ?
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.

**પ્રકટીકરણ ૧૪ : ૧૨-૧૩માં શોધો**

- કેવી રીતે વિશ્વાસીઓ અંત સુધી વિશ્વાસુ રહી શકે છે ?
- ઈસુની આજ્ઞા માનવાના લાભો.

નીચે ડાબી તરફ આપેલી કલમોમાં ઈસુએ આપેલી આજ્ઞાઓ યરૂશાલેમના નવા વિશ્વાસીઓએ તરતજ વ્યવહારમાં મૂકી તે શોધો (પ્રે.કૃ. ૨ :૩૮-૪૭) પછી જમણી તરફ આપેલી પ્રવૃત્તિ સાથે તે કલમને લીટી દોરીને જોડો.

| | |
|---|---|
| લૂક ૨૨ : ૧૯ - ૨૦ | પ્રેમાળ સંગત |
| યોહાન ૧૩ :૩૪ | રોટલી ભાંગવી |
| લૂક ૬ :૩૮ | બાપ્તિસ્મા |
| માથ્થી ૨૮ : ૧૯-૨૦ | ઈસુના નામમાં પ્રાર્થના |
| યોહાન ૧૬ :૨૪ | ઉદારતાથી દાન |

**૨. અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓ વિષે સહકાર્યકરો સાથે આયોજન કરો.**

સમયની જરૂરિયાત પ્રમાણેની પ્રવૃત્તિ પસંદ કરો.

- એવા વિશ્વાસીઓની મુલાકાત લો જેઓ ઈસુ પરના વિશ્વાસને કારણે જેલમાં છે અને દુઃખ વેઠે છે. તેમને બાઈબલના વચનો દ્વારા પ્રોત્સાહન આપો.
- તમારા સતાવનારાઓને નામથી ઓળખી લો અને તેમના માટે પ્રાર્થના કરો કે પ્રભુ તેમને આશિષ આપે અને તે પોતે તેઓને પ્રગટ કરે.
- સતાવણી સમયે વિશ્વાસીએ કેવું વર્તન કર્યું અને ઈસુને વિશ્વાસુ રહેવા માટે તમે તેમને કેવી રીતે સમજાવી શકો તેની ચર્ચા કરો. તેમની સાથે ભજનમાં થોડો સમય ગાળો અને પ્રાર્થના કરો કે વિશ્વાસુ રહેવા માટે પ્રભુ તેમને શક્તિ આપે.

**૩. સહકાર્યકરો સાથે આગામી ભજન સેવાનું આયોજન કરો.**

સમયની જરૂરિયાત અનુસાર તથા સ્થાનિક રીત પ્રમાણેની પ્રવૃત્તિ પસંદ કરો.

પ્રેરિતોના કૃત્યો ૭ :૫૧ થી ૮ :૮ માં આપેલ શહીદ સ્તેફનનું જીવન વર્ણવો.

વિભાગ -૧માં આપેલ બાઈબલ કલમોમાંથી કેટલીકની વિશ્વાસીઓ સાથે સમીક્ષા કરો. તમે શું શોધ્યું તે વિષે પ્રશ્નો પૂછો તેમને બોલવા માટે પ્રોત્સાહન આપો જો તેઓ બરાબર જવાબ ન આપે તો તેમને સાચા જવાબો જણાવો.

વિશ્વાસીઓને સાક્ષી આપવાનું કે ગયા મહિને ઈસુની આજ્ઞા માનવાથી તેમને શી આશિષ મળે તે બોલવાનું કહો.

બાળકોએ તૈયાર કરેલ નાટક કે વાંચન વડીલો સમક્ષ રજુ કરવા દો.



એકબીજાની જરૂરિયાતો અને ચિંતાઓ વિષે જાણે. તે વિષે પરસ્પર દિલાસો આપે અને ઈસુને વિશ્વાસુ રહેતાં એકબીજા માટે પ્રાર્થના કરે. વળી વિશ્વાસીઓના શત્રુઓ તથા તેમના સતાવનારાઓ માટે પણ પ્રાર્થના કરો.

**મુખપાઠ :** રૂમી ૬ :૧૭ -૧૮ સાથે મોઢે કરો.

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.